### દર્શનમ્ સેન્ટ્રલ પાર્કના રહેણાંક વિસ્તારના ડ્રેનેજના પાણી નદીમાં ઠલવાયા

# વિશ્વામિત્રી નદીના શુદ્ધિકરણ પ્રોજેક્ટ પાછળ કરોડોનો ધુમાડો છતાં ડ્રેનેજના પાણી રોકવામાં પાલિકા નિષ્ફળ

**પાલિકાની લાપરવાહીને કારણે નદીના પર્યાવરણ અને નદીમાં રહેલી જીવ સૃષ્ટિ પર મોટું જોખમ ઊભું થયું**



( પ્રતિનિધિ )વડોદરા,તા.27

વડોદરા મહાનગરપાલિકાની બેદરકારીને કારણે વિશ્વામિત્રી નદી દૂષિત થઈ છે. પૂર બાદ પાલિકા દ્વારા મહત્વપૂર્ણ વિશ્વામિત્રી પ્રોજેક્ટની કામગીરી વચ્ચે રહેણાંક વિસ્તારમાંથી ગટરનું પાણી સીધું નદીમાં છોડવામાં આવી રહ્યું છે ત્યારે પાલિકા દ્વારા આ બાબતે નક્કર કાર્યવાહી કરવામાં આવશે કે કેમ તેવા સવાલ ઊભા થયા છે.એક તરફ વિશ્વામિત્રી પ્રોજેક્ટને લઈ તંત્રની અવારનવાર બેઠકો કરવામાં આવતી હોવા છતા પણ ગંદકીનો ઉકેલ આવતો નથી. ત્યારે પરશુરામ ભઠ્ઠા પાસે આવેલ દર્શનમ્ સેન્ટ્રલ પાર્કના રહેણાંક વિસ્તારના ડ્રેનેજના પાણી નદીમાં ઠલવાતા હોવાના ચોંકાવનારા દશ્યો સામે આવ્યા છે. મહાનગરપાલિકા વિશ્વામિત્રી નદીના શુદ્ધિકરણ પ્રોજેક્ટ પાછળ કરોડો રૂપિયાના ખર્ચ કરી રહી છે તો બીજી તરફ આ પ્રકારે ગેરકાયદે રીતે ગટરના દૂષિત પાણી વિશ્વામિત્રીમાં છોડીને નદીને વધુ દૂષિત કરતાં તત્વો સામે આંખ આડા કાન કરીને કામગીરી નથી કરતી. ત્યારે પાલિકાની આ બેવડી નીતિ સામે પ્રશ્નો ઉભા થવા સહજ છે. રહેણાંક વિસ્તારમાંથી સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી ટ્રીટ કર્યા વિના ગંદું પાણી સીધું નદીમાં છોડાતું હોવાના દશ્યો સામે આવ્યા બાદ પાલિકા જવાબદાર સામે કાર્યવાહી કરશે કે કેમ ? આ પ્રકારની લાપરવાહીને કારણે નદીના પર્યાવરણ અને નદીમાં રહેલી જીવ સૃષ્ટિ પર મોટું જોખમ ઊભું થયું છે. દૂષિત પાણી છોડવાના મામલે પાલિકા ગંભીર પગલા લે એ આવશ્યક બન્યું છે. આવા લોકો સામે આંખ મીચામના કરીને પાલિકાના સત્તાધીશો વિશ્વામિત્રી પ્રોજેક્ટ પાછળ રાજ્ય સરકાર અને વડોદરાની પ્રજાના ટેક્સના કરોડો રૂપિયા વ્યર્થ વેડફી રહ્યા હોવાનું સ્પષ્ટ દેખાય છે. ઉલ્લેખનીય છે કે વિશ્વામિત્રી નદી વડોદરાની જીવાદોરી સમાન છે. તેમાં મગર સહિત અનેક જળચર જીવો વસે છે. કેમિકલયુક્ત અને ટ્રીટ ન કરાયેલું પાણી નદીમાં ભળતાં પાણી ઝેરી બનતું જાય છે, જે જળચર જીવન માટે જીવલેણ સાબિત થઈ શકે છે. વિશ્વામિત્રી બચાવ સમિતિના સભ્ય દ્વારા જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવાની, તેમજ તાત્કાલિક ધોરણે ટ્રીટ ન કરાયેલું પાણી નદીમાં છોડવાનું બંધ કરવાની માંગ ઉઠાવવામાં આવી છે.

### 'સીએલ' પૂરી કરવાની હોડમાં વહીવટી તંત્ર ઠપ્પ થઇ

# વડોદરાની સરકારી કચેરીઓમાં સ્ટાફના નામે ખાલીખમ ઓફીસો

**31 ડિસેમ્બરે રજાઓ રદ થઈ જતી હોવાથી કર્મચારીઓ સામૂહિક રજા પર; અરજદારોના ધક્કા વધ્યા**

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

વડોદરા વર્ષ 2025ના હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે વ ડોદરા સહિત રાજ્યભરની સરકારી, અર્ધ-સરકારી, સહકારી અને ખાનગી ક ચેરીઓમાં એક વિચિત્ર સન્નાટો જોવા મળી રહ્યો છે. વર્ષ દરમિયા ન મળતી આકસ્મિક રજાઓ કેઝ્યુ અ લ લીવ જો 31 ડિસેમ્બર સુધીમાં ભોગવવામાં ન આવે તો તે આપોઆપ રદ થઈ જતી હોય છે. આ રજાઓ 'લેપ્સ' ન થઈ જાય તેવા આશયથી મોટાભાગના કર્મચારીઓ સામૂહિક રીતે રજા પર ઉતરી જતાં કચેરીઓ ખાલીખમ નજરે પડી રહી છે. સામાન્ય રીતે દરેક કર્મચારીને વર્ષ દરમિયાન નિશ્ચિત સંખ્યામાં આકસ્મિક રજાઓ મળતી હોય છે. નિયમ મુજબ, આ રજાઓ જે-તે કેલેન્ડર વર્ષમાં જ વાપરવી ફરજિયાત છે. જો 31 ડિસેમ્બર સુધીમાં આ રજાઓનો વપરાશ ન થાય, તો નવા વર્ષની 1લી જાન્યુઆરીથી જૂનું બેલેન્સ શૂન્ય થઈ જાય છે અને નવું રજાનું ભાથું જમા થાય છે.

પોતાની હક્કની રજાઓ જતી ન કરવી પડે તે માટે કર્મચારીઓ ડિસેમ્બરના અંતિમ સપ્તાહમાં રજાઓ ભોગવવાનું અગાઉથી જ આયોજન કરી લેતા હોય છે. વડોદરા મહાનગરપાલિકા સહિતની અનેક સરકારી કચેરીઓમાં હાલ કામકાજ ઠપ જેવી સ્થિતિમાં છે. મહત્વના ટેબલો પર કર્મચારીઓની ગેરહાજરીને કારણે અરજદારોને ધક્કા ખાવા પડી રહ્યા છે.

માત્ર વડોદરા જ નહીં, પણ ખાનગી સંસ્થાઓમાં પણ આ જ માહોલ જોવા મળી રહ્યો છે. ઘણા કિસ્સાઓમાં એકસાથે 3 થી 5 રજાઓ જોડીને કર્મચારીઓ મિની વેકેશન માણી રહ્યા છે. ડિસેમ્બરના અંતિમ દિવસોમાં સીએલ ભોગવવાની આ મોસમ દર વર્ષે જોવા મળે છે. જોકે, આ વખતે કર્મચારીઓનો ભારે ધસારો રજા પર હોવાને કારણે અગત્યના કામો પણ વિલંબમાં પડ્યા છે. કચેરીઓમાં 'કાગડા ઉડે છે' તેવી સ્થિતિ વચ્ચે જે કર્મચારીઓ હાજર છે, તેમના પર કામનું ભારણ વધ્યું છે અથવા તો સ્ટાફના અભાવે ફાઈલો અટકી પડી છે.

### વ્રજરાજકુમારજીએ લાખો વૈષ્ણવોને સંબોધ્યા

# ઠાકોરજીની સેવા આપણા ઘરે પધારતા ઘર વ્રજ બની જાય છે

(પ્રતિનિધિ) વડોદરા, તા.27



વડોદરા:;વિશ્વ હિન્દુ વૈષ્ણવ પ્રેરણા મહોત્સવ અને શ્રીમદ્ ભાગવત કથાના છઠ્ઠા દિવસે પૂજ્ય વ્રજરાજકુમારજી મહોદયએ લાખોની સંખ્યામાં ઉપસ્થિત વડોદરાવાસી તેમજ બહારગામથી પધારેલા વૈષ્ણવોને હાર્દિક સાધુવાદ પાઠવ્યો. આસ્થા ચેનલ મારફતે દેશ-વિદેશમાં કથા શ્રવણ કરનારા ભક્તોએ પણ આધ્યાત્મિક આનંદનો અનુભવ કર્યો. પૂજ્યશ્રીએ ગોવર્ધન લીલા અને રાસોત્સવનું ભાવસભર વર્ણન કરતા જણાવ્યું કે, જીવનમાં દુ:ખ કે વિપત્તિ આવે ત્યારે શ્રી ઠાકોરજી પર અડગ વિશ્વાસ રાખવો જોઈએ. વિપત્તિ આપનાર પ્રભુ જ તેને સુખમાં પરિવર્તિત કરે છે. શ્રીગિરિરાજજી અને શ્રીયમુનાજીનો આશ્રય લેવો એ સર્વોત્તમ માર્ગ છે. 5000 વર્ષ પૂર્વે વ્રજમાં પધારેલા શ્રીગિરિરાજજીના ચરણારવિંદ આજે વડોદરાના શ્રીવ્રજધામ આધ્યાત્મિક સંકુલમાં બિરાજમાન છે, જ્યાં વૈષ્ણવો દર્શન અને પરિક્રમા કરી ધન્યતા અનુભવે છે. ગોવર્ધન લીલામાં વ્રજવાસીઓએ ભગવાનનો આશરો ન છોડ્યો એટલે સાક્ષાત ભગવાને સૌનું રક્ષણ કર્યું–એવો સંદેશ પૂજ્યશ્રીએ આપ્યો. પ્રસાદ અને મહાપ્રસાદના ભાવ સમજાવતા જણાવ્યું કે, પ્રભુ દ્વારા સ્વહસ્તે આરોગાયેલ ભોગ મહાપ્રસાદ બને છે, જે અતિ દુર્લભ છે.

### ૪૦૦ જેટલા બાળકો કલાના રંગો રેલાવશે

# વડોદરા પેરેન્ટેશન દ્વારા બાળકો માટે ભવ્ય ચિત્ર મહોત્સવનું આયોજન

**બાળકોનો ઉત્સાહ વધારવા માટે મુખ્ય મહેમાન તરીકે વડોદરાના સાંસદ ખાસ ઉપસ્થિત રહેશે**

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

વડોદરામાં બાળકોમાં રહેલી કલા અને સર્જનાત્મકતાને મંચ પૂરું પાડવાના ઉદ્દેશ્ય સાથે વડોદરા પેરેન્ટેશન' દ્વારા આગામી 28 ડિસેમ્બરના રોજ એક ભવ્ય ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ચિત્ર મહોત્સવમાં શહેરના વિવિધ વિસ્તારોમાંથી અંદાજે 800 જેટલા બાળકો ભાગ લેવાના છે.

વડોદરા પેરેન્ટ્સ એસોસિએશન દ્વારા આ સ્પર્ધાને લઈને બાળકોમાં ભારે કુતૂહલ છે, તો બીજી તરફ પોતાના બાળકોની કલાને પ્રોત્સાહન મળતું જોઈ વાલીઓમાં પણ અનેરો ઉત્સાહ અને આનંદ વર્તાઈ રહ્યો છે. મુખ્ય મહેમાનોની ઉપસ્થિતિ આ પ્રસંગે બાળકોનો ઉત્સાહ વધારવા માટે મુખ્ય મહેમાન તરીકે વડોદરાના સાંસદ ખાસ ઉપસ્થિત રહેશે.

આ સાથે જ અતિથિ વિશેષ તરીકે વડોદરા વકીલ મંડળના પ્રમુખ હસમુખભાઈ ભટ્ટ હાજરી આપી બાળકોને માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડશે. સર્જનાત્મકતાનું સંગમ વડોદરા પેરેન્ટેશન દ્વારા કરવામાં આવેલું આ આયોજન બાળકોને અભ્યાસની સાથે સાથે કલાના ક્ષેત્રમાં પણ આગળ વધવા પ્રેરણા આપશે. મોટી સંખ્યામાં બાળકોની સહભાગીદારી આ કાર્યક્રમને વડોદરાના સૌથી મોટા ચિત્ર મહોત્સવ પૈકીનો એક બનાવશે.

### પરીણીતા પર સામે આરોપીએ ગંદા ઇસારા કરતો હતો

# કરજણમાં પરીણીતા છેડતી કરતા ઠપકો આપવા ગયેલા પતિ પાઇપથી હુમલો

**કરજણ પોલીસે આરોપી સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે**

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

છોડાવવા માટે ગયેલા મહિલા તથા જેઠને પણ ઈજાઓ પહોંચાડી પ્રતિનિધિ વડોદરા તા.27 કરજણ નવાબજાર વિસ્તારમાં રહેતી પરીણીતા પર સામે આરોપીએ ગંદા ઈસારા કરતો હતો. જેથી તેના પર કહેવા જતા તેનું ઉપરાણુ લઈને ત્રણ જેટલા લોકોએ લોખંડની પાઈપથી હૂમલો કર્યો હતો. કરજણ નવાબજાર હુસેન ટેકરા પર રહેતા મહિલાએ નોંધાવેલી પોલીસ ફરિયાદ નોંધાવી છે કે આરોપી ઈરશાદ અલી હસનઆલી સૈયદે તેમને જોઈને કાઈ બોલતો હતો એ આંખ તથા બીજા ગંદા ઈસારા પણ કરી રહ્યો હતો.

જેથી મહિલા તથા તેમના પતિ, જેઠ સહિતના લોકો ઈસારા કરનાર ઈરશાદ અલી ના ઘરે કહેવા માટે ગયાં હતા તે દરમિયા આરોપી ઈરશાદઅલી સૈયદે તેમની સાથે ઝઘડો કર્યો હતો. ત્યારબાદ ત્યારે તેમનું ઉપરાણુ લઈને મુસ્તાક અલી હસનઅલી સૈયદ, ચિરાગ સૈયલઅલી સૈયદ મળીને તેમની સાથે ઝઘડો કર્યાં મારામારી કરવા લાગ્યાં હતા. દરમિયાન આરોપીઓએ ભેગા મળીને લોખંડની પાઈપથી મહિલાના પતિ ને માથામાં હુમલો કરી દીધો હતો.ત્યારબાદ મહિલા તથા તેમના જેઠ છોડાવવા માટે વચ્ચે પડ્યાં હતા ત્યારે તેમના પર પણ હુમલો કર્યો હતો. જેથી હુમલાખોરોએ ફરી તેમના ઘરે આવશો તો તમને પતાવી દઈશુ તેવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી કરજણ પોલીસ દ્વારા હુમલાખોર ઈરશાદઅલી સૈયદ, મુસ્તાકઅલી સૈયદ તથા ચિરાગ સૈયદઅલી સૈયદ સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### પાણીના વેડફાટ વચ્ચે પંચાયતના શાસકોનું ગુનાહિત મૌન

# ફતેપુરા ગ્રામ પંચાયતની ઘોર બેદરકારીથીનર્કાગારનીસ્થિતિ

(પ્રતિનિધિ) ફતેપુરા તા.27

ફતેપુરા તાલુકા મથક હોવા છતાં સ્થાનિક ગ્રામ પંચાયતની ઘોર બેદરકારીને કારણે સમગ્ર ગામમાં પાણીનો વેડફાટ અને સ્વચ્છતાનો અભાવ જોવા મળી રહ્યો છે. આ અંગે ગ્રામજનો દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી, જેના કારણે લોકોમાં ભારે અસંતોષ વ્યાપ્યો છે.

ફતેપુરામાં નર્કાગારની સ્થિતિના કારણે પ્રજામાં રોગચાળાનો ભય ઊભો થયો છે. ફતેપુરામાં સ્વચ્છતાના અભિયાનનો ફિયાસ્કો જોવા મળી રહ્યો છે. વડાપ્રધાન દ્વારા સ્વચ્છતા માટે આટલંપ આહવાન કરવામાં આવતું હોવા છતાં ફતેપુરામાં સ્થિતિ વિપરીત છે,. ગામના રસ્તાઓ પર ઠેર-ઠેર ગંદકી અને કચરાના ઢગલા જોવા મળે છે. ગ્રામસભામાં ટ્રેક્ટર દ્વારા કચરો ઉઠાવવા અને માણસો રાખવા માટે રજૂઆતો કરવામાં આવી હોવા છતાં પંચાયતના સભ્યો દ્વારા તેની કોઈ સુનાવણી કરવામાં આવતી નથી. પાણીનો પણ બેફામ બગાડ થઈ રહ્યો છે,

છતાં તંત્ર હરકતમાં આવવા તૈયાર નથી.નેતાઓ ધંધામાં મસગૂલ, જનતા ભગવાન ભરોસે ગ્રામજનોનો આક્ષેપ છે કે ચૂંટણી જીત્યા બાદ નેતાઓ માત્ર નામના મેળવી પોતાના ધંધામાં વ્યસ્ત થઈ જાય છે અને લોકસેવા માટે તેમની પાસે સમય નથી. સ્વચ્છતા માટે આવતા સરકારી નાણાં ક્યાં જાય છે? તેવો સવાલ પણ લોકો ઉઠાવી રહ્યા છે.

જો ચૂંટાયેલા પ્રતિનિધિઓ કામ ન કરી શકતા હોય તો તેમણે રાજીનામું આપી દેવું જોઈએ તેવી લોક માંગ ઉઠી છે. હાલમાં ફતેપુરાના ગ્રામજનો ઉચ્ચ અધિકારીઓ આ બાબતે રસ લઈ ગામને બચાવે તેવી આશા રાખી રહ્યા છે.

### ગ્રાહકો બેસાડવા જેવી નજીવી બાબતે 'રાજસ્થાન ભેલ' અને 'રાજસ્થાન કુલ્ફી' ના સંચાલકો આમને-સામને

# કારેલીબાગ રાત્રી બજારમાં બે જૂથો વચ્ચે લોહીયાળ જંગ, ખુરશીઓ ઉછળતા નાસભાગ

**પોલીસ દ્વારા 4 શખ્સોની અટકાયત કરાઇ**

(પ્રતિનિધિ) વડોદરા, તા.27

વડોદરા સંસ્કારી નગરીના ખાણી-પીણીના શોખીનો માટે જાણીતું કારેલીબાગનું રાત્રી બજાર ફરી એકવાર રણમેદાનમાં ફેરવાયું હતું. ગ્રાહકોને આકર્ષવા અને બેઠક વ્યવસ્થા બાબતે થયેલી જૂથ અથડામણને કારણે મોડી રાત્રે બજારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. મામલો એટલો બિચક્યો હતો કે બંને પક્ષો વચ્ચે છૂટા હાથની મારામારી થતા અને ખુરશીઓ ઉછળતા ત્યાં હાજર પરિવારો જીવ બચાવીને ભાગવા મજબૂર બન્યા હતા. પ્રાપ્ત વિગતો અનુસાર, વડોદરા કોર્પોરેશન સંચાલિત આ રાત્રી બજારમાં છેલ્લા ઘણા સમયથી ગ્રાહકોને પોતાની દુકાન પર આકર્ષવા અને ટેબલ-ખુરશીઓ ગોઠવવા બાબતે દુકાનદારો વચ્ચે આંતરિક જૂથવાદ ચાલી રહ્યો છે. ગઈકાલે રાત્રે 'રાજસ્થાન ભેલ' અને 'રાજસ્થાન કુલ્ફી' નામના બે સ્ટોલના સંચાલકો વચ્ચે ખુરશીઓ મૂકવા બાબતે ઉગ્ર બોલાચાલી થઈ હતી.




**પોલીસે ચાર આરોપીઓની ધરપકડ કરી**

બનાવની જાણ થતા જ સ્થાનિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. પોલીસે આ મામલે કડક કાર્યવાહી કરતા ચાર મુખ્ય આરોપીઓની અટકાયત કરી છેઃ જેમાં મનોજ સુબ્બારાવ વાઘેલા, લૌકેશ સુબ્બારાવ વાઘેલા, સુધીર રાધેશ્યામ સક્સેના અને દિનેશ ચંદ્રપાલ શર્માનો સમાવેશ થાય છે.

જોતજોતામાં આ બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. બંને પક્ષોના માણસો સામસામે આવી ગયા હતા અને એકબીજા પર તૂટી પડ્યા હતા. હોબાળો એટલો મોટો હતો કે ખાણી-પીણીની મજા માણી રહેલા લોકોમાં ગભરાટ ફેલાયો હતો અને લોકો પોતાની પ્લેટો છોડીને ભાગવા લાગ્યા હતા. નોંધનીય છે કે, અગાઉ પણ આ વિસ્તારમાં માથાભારે તત્વોના ત્રાસ અને દુકાનદારોના ઝઘડાના કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે. જોકે અહીં પોલીસ ચોકી પણ ઉભી કરવામાં આવી છે, તેમ છતાં આવા અસામાજિક તત્વોને કાયદાનો કોઈ ડર રહ્યો હોય તેમ લાગતું નથી. સ્થાનિક મુલાકાતીઓ હવે અહીં પરિવાર સાથે આવતા અચકાઈ રહ્યા છે. પોલીસે હાલ આ મામલે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# દાહોદમાં નળમાંથી જળ નહીં, કામથયેલાસ્થળેખાડાઓનીભેટ



**મોટીબાંડીબાર ગામે 'નળ સે જળ' યોજનામાં હલકું કામ, વાહનચાલકો માટે જોખમ**

(પ્રતિનિધિ) દાહોદ, તા.27

દાહોદ જિલ્લાના પાણિયા-બાંડીબાર રોડ પર આવેલા મોટીબાંડીબાર ગામમાંથી પસાર થતી 'નળ સે જળ' યોજનામાં પાણીની સુવિધા કરતાં વધુ ખાડાઓ નજરે પડી રહ્યા છે. યોજનામાં ક્યાંક અંશે પાણી આવતું હોવા છતાં કામની ગુણવત્તા પર ગંભીર સવાલો ઊભા થયા છે. કરોડોના ખર્ચ છતાં હલકું કામ અને ભ્રષ્ટાચારના આક્ષેપો અહીં સ્પષ્ટ દેખાઈ રહ્યા છે.

મોટીબાંડીબાર ગામે દશામા મંદિર સામે રોડની બંને બાજુ ખાડા પડ્યા છે. એક તરફ કોંક્રિટ નાખીને પૂરાણ કરવામાં આવ્યું છે તો સામે ઊંડો ખાડો યથાવત રાખવામાં આવ્યો છે. આ સ્થળે વારંવાર ખાડા પડતા હોવા છતાં કોઈ એજન્સી કે વહીવટી તંત્ર કાયમી ઉકેલ લાવવા તૈયાર નથી–એવો સ્થાનિકોનો આક્ષેપ છે. એક જગ્યાએ નહીં પરંતુ સમગ્ર માર્ગ પર સમાન પ્રકારનું હલકું કામ થયાનું પણ સ્થાનિકો કહે છે.

સ્થાનિકોની જાગૃતતા કારણે ખાડામાં સૂકું ઘાસ મૂકીને વાહનચાલકોને ચેતવણી આપવામાં આવી છે. જોકે રાત્રિના સમયે ઘાસ દેખાતું ન હોવાથી અકસ્માત થવાની સંભાવના વધે છે. વાહનચાલકો અને ગ્રામજનોની સ્પષ્ટ માંગ છે કે જવાબદાર અધિકારીઓ જવાબદારી સ્વીકારે, ખાડાઓનો કાયમી નિકાલ કરે અને તૂટતા રોડને સુરક્ષિત બનાવે–નહીં તો કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ શકે.

### વર્ષોથી નદીના પ્રવાહમાં ફેરફારને કારણે ઘણા લીઝ વિસ્તારો હવે નદીના સક્રિય ચેનલમાં આવી ગયા

# ભરૂચ માછીમારોની નર્મદામાં રેતી ખનન મંજૂરી રદ કરવા અને તેની સમીક્ષા કરવા માંગ

**નદીના પ્રવાહને કારણે અમુક લીઝ જમીનો ધોવાણ થઈ ગઈ છે**



(પ્રતિનિધિ) ભરૂચ,તા.27

ભરૂચ જીલ્લા માછીમાર સમાજ દ્વારા રાજ્ય પર્યાવરણ અસર મૂલ્યાંકન સત્તામંડળ (SEIAA), ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને ભરૂચ, નર્મદા અને વડોદરા જિલ્લા પર્યાવરણ અસર મૂલ્યાંકન સત્તામંડળો (DEIAA) ને લેખિતમાં રજૂઆત સુપરત કરી છે, જેમાં નર્મદા નદીના સક્રિય પ્રવાહમાં સ્થિત રેતી ખાણકામ લીઝને આપવામાં આવેલી પર્યાવરણીય મંજૂરીઓ (ECs) ની સમીક્ષા અને રદ કરવાની માંગ કરવામાં આવી છે. સમસ્ત ભરૂચ જીલ્લા માછીમાર સમાજના પ્રમુખ કમલેશભાઈ મઢીવાલાએ પોતાની લેખિત રજુઆતમાં જણાવ્યું છે કે,હાલની જમીનની પરિસ્થિતિ ચકાસ્યા વિના, જૂના નકશા, જે વર્ષ-1995થી આવેલા છે, તેના આધારે ઘણા રેતી ખાણકામના લીઝ મંજૂર અથવા રિન્યૂ કરવામાં આવ્યા હતા.વર્ષોથી નદીના પ્રવાહમાં ફેરફારને કારણે ઘણા લીઝ વિસ્તારો હવે નદીના સક્રિય ચેનલમાં આવી ગયા છે, રજૂઆત કરનાર સંગઠને એવો દાવો કર્યો છે કે નદીના પ્રવાહને કારણે અમુક લીઝ જમીનો ધોવાણ થઈ ગઈ છે અથવા ડૂબી ગઈ છે તે હકીકત હોવા છતાં, મહેસૂલ રેકોર્ડ જમીનના નુકસાનને પ્રતિબિંબિત કરવા માટે અપડેટ કરવામાં આવ્યા ન હતા, તેમ છતાં EC રિન્યુઅલ મંજૂર કરવામાં આવ્યા હતા.તેઓએ દલીલ કરી છે કે આવા અસ્તિત્વમાં ન હોય તેવા અથવા પ્રવાહમાં રહેલા જમીનના પાર્સલ પર EC ચાલુ રાખવા ગેરકાયદે છે. વધુમાં લેખિત રજુઆતમાં નર્મદા નદીમાં રાત્રિના સમયે પણ ડ્રેજિંગ મશીનો અને યાંત્રિક બોટનો ઉપયોગ કરીને ગેરકાયદે રેતી કાઢવાનું કામ ચાલુ છે, જેના કારણે પર્યાવરણને નુકસાન, નદી કિનારાનું ધોવાણ અને સલામતી જોખમાય છે. આવી સેંકડો યાંત્રિક બોટ યોગ્ય નોંધણી વિના કાર્યરત છે, અને કેટલાક સ્થળોએ કાયમી બાંધકામો દ્વારા નદીના પ્રવાહને અવરોધવામાં આવ્યો છે. પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા જારી કરાયેલ ટકાઉ રેતી ખાણકામ માર્ગદર્શિકા, 2016, અમલીકરણ અને દેખરેખ માર્ગદર્શિકા, 2020 અને રાષ્ટ્રીય ગ્રીન ટ્રિબ્યુનલ (NGT) અને ઉચ્ચ અદાલતોના વિવિધ આદેશોનો ઉલ્લેખ કરીને રજૂઆત કરી છે કે સક્રિય સક્રિય નદીના પ્રવાહમાં રેતી ખાણકામની મંજૂરી નથી.ખનન પ્રવૃત્તિ લઈને ઘણીવખત ડૂબી જવાના બનાવો અને અકસ્માતો અને નદી સંબંધિત પ્રોજેક્ટ્સથી પ્રભાવિત માછીમારોને વૈકલ્પિક આજીવિકા પૂરી પાડવામાંથતો વિલંબ અંગે ચિંતા વ્યક્ત કરી છે.

# શહેરમાં આકર્ષણ જમાવતી બી એ પી એસ સંસ્થાની નગરયાત્રા

**૫૦૦ થી વધુ ભક્તોએ મહારાજની જન્મ જયંતીએ ઉદઘોષ કરી ગુરુ ભક્તિ અર્ધ્ય અર્પણ કર્યું**



(પ્રતિનિધિ) વડોદરા, તા.27

ભગવાન સ્વામિનારાયણ ના છઠ્ઠા આધ્યાત્મિક વારસદાર એવા પ્રગટ બ્રહ્મ સ્વરુપ મહંત સ્વામી મહારાજ ની ૯૨મી જન્મ જયંતી આગામી બીજી ફેબ્રુઆરી ના દિવસે વડોદરા ખાતે ધામધૂમ પૂર્વક ઊજવાનાર છે. આ મહોત્સવ ના પડઘમ રૂપે આજે સાંજે વડોદરા શહેરના વિવિધ વિસ્તારો જેમ કે પૂર્વ માં વૃંદાવન ચાર રસ્તા સ્થિત બી એ પી એસ મંદિર થી પશ્ચિમ માં સેવાસી ગામ પાસે પ્રિયા ટૉકીઝ નજીક થી તો ઉત્તર છેડે છાણી ગામ થી દક્ષિણ માં માણેજા કે ગાયત્રીનગર સોસાયટી સુધી ના કુલ ૨૫ સ્થળો એ એક સાથે બપોરે ૦૪.૦૦ વાગે તમામ સ્થળો એ મંત્રોચાર કરી ધ્વજ લહેરાવી પ્રસ્થાન કરાવ્યું હતું. સરેરાશ પાંચ કિલોમીટર ના આ યાત્રા માર્ગ માં નગરજનો ને આકર્ષણ રૂપ હતા એક સમાન ગણવેશ રૂપી સાડી પરિધાન કરેલી મહિલાઓ, બાંધણી ધારણ કરેલ કળશધારી યુવતીઓ અને ચણિયાચોળી માં શોભતી બાલિકાઓ સહ ૫૦ જેટલા દ્વિચક્રીય વાહનો પર સવાર કિશોરીઓ ની આગળ સંગીત ની સુરાવલી વહાવતી ભજન મંડળીઓ સાથે શ્વેતાંબરી વસ્ત્ર માં શોભતા પુરુષ વર્ગ સાથે એક સમાન ટી શર્ટ ધારણ કરેલ યુવાનો સાથે બાઈક સવાર ૫૦ જેટલા યુવાનો સહ પ્રત્યેક નગરયાત્રા માં સંમિલિત ૫૦૦ થી વધુ ભાવિક ભક્તો એ મહંત સ્વામી મહારાજ ની ૯૨ જન્મ જયંતી મહોત્સવ નિમિત્તે ભવ્ય ઉદઘોષ કરી ગુરુ ભક્તિ અર્ધ્ય અર્પણ કર્યું હતું.

DGVCL
Dakshin Gujarat Vij Company Limited
CIN U40102GJ2003SGC042909
Ankleshwar Industrial Division
DGVCL Campus, Opp. ONGC Workshop, Ankleshwar - 393 001, Gujarat
Toll Free No. 19123 or 1800 233 3003

Tender Notice No. ANK/IND/EXP/25-26/Adv. No. 07

Tenders are invited for works of (1) Laying of underground cable network with terminations for underground cable works for the area of Ankleshwar GIDC sub-division. (2) Providing knowledge skilled person and Overseers for 11kv/22kv underground cable/overhead line for HT cable route patrolling, cable safe guarding, cable fault joint pit excavation etc. work as per the instruction of the Engineer in charge under Ankleshwar GIDC and all other sub-divisions. (3) ARC for 11kv/22kv XLPE underground cable fault finding and providing 11kv/22kv heat shrinkable type outdoor end termination & straight through joint kit suitable for 3c x 185/240 sq.mm cables for the Ankleshwar Industrial sub-division & all other sub-divisions under jurisdiction of Ankleshwar Industrial Division. Details are available on www.dgvcl.com and http://dgvcl.nprocure.com.

EE (O&M), Ankleshwar Ind. Division, DGVCL.

Install MCB/ ELCB/ RCCB & Prevent Electric Shocks/ Electrical Accidents